## જન્મદિને વધામણી



**આશાબેન સરવૈયા**
કાર્યક્રમ સંયોજક, કલરવ, કલા ગુર્જરી, શિવરંજની સિનિયર સભ્ય, કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૩ ૩૩૬૭૫



**ભરતભાઈ દવે**
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૨ ૫૨૫૬૫



**સવિતાબેન અનંતરાય ભટ્ટ**
ફોન : ૨૩૨૩૬૭૮૪



**ગોમતીબેન કનુભાઈ પરમાર**
મો. ૯૪૨૬૮ ૯૮૧૯૯



**વિજયભાઈ ચૌધરી**
મો. ૯૪૦૯૫ ૩૩૩૨૩



**ભાનુપ્રસાદ જોષી**
મો. ૯૪૨૭૫ ૪૩૯૭૯



**સિદ્ધિ સતિષજી ઠાકોર**
મો. ૯૬૦૧૬ ૪૦૨૧૯



**શીતલ સતિષજી ઠાકોર**
મો. ૯૬૦૧૬ ૪૦૨૧૯



**કર્તવ્ય જે શાહ**
મો. ૯૮૨૪૫ ૪૩૧૦૧



**જયરાજ મુકેશ ખત્રી**
મો. ૭૦૪૧૪ ૧૩૫૪૧

# ત્રિદલ સંસ્થાના ઉપક્રમે રવિવારે બાળ સાહિત્યનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૩

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય એવી 'ત્રિદલ' સંસ્થાના ઉપક્રમે આગામી તા. ૨૫ સપ્ટેમ્બર ને રવિવારના રોજ સાંજે પાંચ કલાકે ૭૯૦, નમન ઍપાર્ટમૅન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સૅક્ટર-૨૧ ખાતે સ્વરચિત બાળવાર્તા અને બાળગીતોનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

જાણીતાં બાળ સાહિત્યકાર પ્રજ્ઞાબેન પટેલ, ફિલિપ ક્લાર્ક તથા નટવર હેડાઉ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. બાળકો, વાલીઓ, બાળ સાહિત્યનાં સર્જકો તથા ભાવકોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થા તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

# જીટીપીએલ - ગુજરાતી પર આજે ગાંધીનગરના સર્જક કનૈયાલાલ ભટ્ટ



ગાંધીનગર, તા. ૨૩

શનિવારે રાત્રે ૯.૩૦ કલાકે જીટીપીએલ ચૅનલ પર 'સ્પંદન' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરના જાણીતા સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટનો વિસ્તૃત ઈન્ટર્વ્યૂ ગોપાલ બુચ દ્વારા લેવામાં આવ્યો છે તે પ્રસારિત કરવામાં આવશે.

આ મુલાકાતમાં ડૉ. કનૈયાલાલ ભટ્ટના જન્મ, બાળપણ અને કૉલેજ શિક્ષણ વિશે, સાહિત્યલેખનની શરૂઆત, નાટ્યપ્રવૃત્તિમાં પ્રવેશ અને જીવનની વિવિધ ઘટનાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત આ સર્જકના સંઘર્ષ, સ્વપ્નો અને સિદ્ધિ વિશે પણ 'મન કી બાત' રજૂ કરાઈ છે. જીવનમાં પથરાયેલી પીડા અને પ્રેમને આ કવિએ કાવ્ય, ચિત્ર અને સંગીતમાં કઈ રીતે પ્રસ્તુત કર્યાં છે તે પણ આ મુલાકાતમાં કવિએ જણાવ્યું છે.

સાહિત્યનાં જુદાં-જુદાં સ્વરૂપોમાં કલમ ચલાવવી, જુદાં-જુદાં રાજ્યોનાં સાહિત્યિક પ્રવાસોના અનુભવો, શબ્દકોશોના સંશોધનાત્મક કાર્યોની વિગતો, કવિના જ મુખે કાવ્યપઠન અને અંતે વાંસળીવાદન સાથેની આ મુલાકાત કનૈયાલાલ ભટ્ટના વ્યક્તિત્ત્વનાં અનેક પાસાઓને ખુલ્લાં કરશે.

# ભાગવત વિદ્યાપીઠના આદ્યસ્થાપક શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીના જન્મશતાબ્દી મહોત્સવનો આરંભ

અમદાવાદ, તા. ૨૩

શ્રી ભાગવત વિદ્યાપીઠ ટ્રસ્ટ દ્વારા તા. ૧૨-૯-૧૬થી ૩૦-૯-૧૬ સુધી શ્રી ભાગવત વિદ્યાપીઠના આદ્યસંસ્થાપક પરમ પૂજ્ય વિશ્વવૈદ્ય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી (દાદાજી)ના જન્મ શતાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજ અને વિદ્યાર્થીઓને ઉપયોગી એવા અનેક કાર્યક્રમોના આયોજનો પણ સમાવેશ થાય છે.

આવતીકાલ તા. ૨૪ સપ્ટેમ્બરથી ભાગવત વિદ્યાપીઠ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ કાર્યક્રમોમાં શ્રી શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી, શ્રી દેવી પ્રસાદજી દ્વારા શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીની 'પ્રથમફલમલ્લની દ્વિતીય આવૃત્તિનું લોકાર્પણ અને આર્શિવચનનો સમાવેશ થાય છે.

તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ મહામંડલેશ્વર શ્રી દિલીપ દાસજી મહારાજ, શ્રી દુર્ગાદાસજી મહારાજ, શ્રી લલિતકિશોર દાસજી, શ્રી જાનકીદાસ બાપુ, શ્રી મોહનદાસજી, શ્રી આધ્યાત્માનંદજી દ્વારા ઋષિકુમારો ડો. પંકજભાઈ રાવલ તથા ડો. રાજેશભાઈ જોષી વિરચિત "શ્રીકૃષ્ણશંકર-શાસ્ત્રિશતકમ"નું લોકાર્પણ કરાશે. તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ શ્રી ગણેશદાસજી અને સંતરામ મંદિરના સંતો દ્વારા શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી સંપાદિત 'દ્વિતીયફલમ'ની દ્વિતીય આવૃત્તિનું લોકાર્પણ અને આર્શીવચનનો કાર્યક્રમ યોજાશે.

તા. ૧૨ સપ્ટેમ્બરથી શરૂ થયેલા આ મહોત્સવનો પ્રારંભ પંચકુંડાત્મક વિષ્ણુયાગ દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં શ્રી મોરારીબાપુ પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગને અનુરૂપ તેઓએ દાદાજી સાથેના સંસ્મરણોને વાગોળ્યા હતા તેમજ સમાધાન + સાવધાન = સંઘર્ષનું સમાપન એ મંત્ર પણ સૌને આપ્યો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત તા. ૧૭થી ૨૩ સપ્ટેમ્બર સુધી સાત્વતસંહિતા પારાયણ અને પ્રવચન શ્રૃંખલાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના તથા રાજ્ય બહારના સર્વશ્રેષ્ઠ વક્તાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. વિદ્યાપીઠ કે જ્યાં શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ ચાર સ્તંભની સ્થાપના કરી, જેનો મુદ્રા લેખ છે 'શિક્ષા-સંસ્કાર-સ્વાસ્થ્ય-સંશોધન' જેના આધારે આ વિદ્યાપીઠ અડીખમ ઊભી છે.

### રાજ્ય ફૅન્સિંગ સ્પર્ધામાં વિજેતા

# પ્રેરણા વિદ્યાલયના પાંચ વિદ્યાર્થીઓ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામ્યા



ગાંધીનગર, તા. ૨૩

ખેડા જિલ્લાના ઠાસરા ખાતે સ્થિત જે ઍમ દેસાઈ હાઈસ્કૂલ ખાતે રાજ્યકક્ષાની અન્ડર-૧૭ ફેન્સિંગ સ્પર્ધાનું આયોજન થયું હતું, જેમાં પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા અને પાંચ વિદ્યાર્થીઓ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા.

પ્રેરણા વિદ્યાલયની ગર્લ્સ ટીમને રમતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો હતો. આ વિજેતા પૈકી હેલી ઍમ શાહ, પાર્વતી બી ઠાકોર, બંસરી એ જાદવ તથા નિહાર બી વાળા, ભાવિક ડી કિશોરી રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે.

તમામ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્ય મનિષભાઈ ખત્રીએ બિરદાવી શુભકામનાઓ પાઠવી છે.

### સોજા હાઈસ્કૂલના ઉપક્રમે

# 'ઉરી શહીદોને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ' સંપન્ન



ગાંધીનગર, તા. ૨૩

કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા " શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા" ના ઉપક્રમે ઉરી ખાતે શહીદ થયેલ ભારતીય જવાનોને શ્રદ્ધાંજલિ અર્પવાનો એક ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો.

શાળાના પ્રાથમિક વિભાગ, ઉચ્ચતર પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના તમામ અધ્યેતા ભાઈ-બહેનોએ દીવડાં પ્રગટાવીને દિવંગત જવાનોને હૃદયસ્થ પ્રતિકાંજલિ અર્પણ કરી હતી.

શાળાના પરિસરમાં વિશાળ સંખ્યામાં ગ્રામજનોની અભિપ્રેરક ઉપસ્થિતિમાં સર્વેએ મૌન પણ પાળ્યું હતું. બાળકોએ દીવડાં વડે "શહીદો અમર રહો"ની યાદગાર-અવિસ્મરણીય રેખાકૃતિ તૈયાર કરી હતી, જે આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી.

શાળાના બાળકો દ્વારા પાકિસ્તાન વિરોધી નારાં લગાવવામાં આવ્યાં હતાં અને સરકાર તથા વડાપ્રધાનની ઢીલી નીતિની પણ અત્રે ઝાટકણી કાઢવામાં આવી હતી. ભારતીય સૈન્યના શહીદોને મદદરૂપ થવા ફૂલની પાંખડી સ્વરૂપ દાનની સરવાણી વહાવવાની પણ બાળકોએ ગ્રામજનોને અપીલ કરી હતી.

પરીક્ષાના સમયે પણ બાળકોમાં દેશભક્તિ-રાષ્ટ્રપ્રેમ-વતનદાઝની ભરપૂર ભાવના જોવા મળતી હતી. કેળવણી મંડળના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલ અને દૂધસાગર ડેરીના ડિરેક્ટરશ્રી ઘનશ્યામસિંહ વાઘેલા સહિત અનેક પ્રબુદ્ધ નાગરિકો અને વરિષ્ઠ વડીલો પણ આ પ્રસંગે ખાસ હાજર રહ્યાં હતાં.

એકંદરે સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુંદર, સુચારું, સુવ્યવસ્થિત, રોમાંચક, આવકાર્ય, અનુકરણીય, અભિપ્રેરક, પ્રશંસનીય બની રહ્યો હતો એમ એક અખબારીયાદીમાં શાળાના આચાર્યશ્રી ભાવેશભાઈ જોષી જણાવે છે.

## ડાયરેક્ટ ❤ સે

મૈત્રી હોય ત્યાં કરાર ન હોય
કરાર હોય ત્યાં યાર ન હોય
આંખો બોલે ને મન સાંભળે
ત્યાં લખાણના વ્યવહાર ન હોય

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેન્જો
૧૨.૪૫, ૬.૪૫
ડેઝ ઑફ ટેફી
૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ધ મૅગ્નીફિસન્ટ-૭ (અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ધ મૅગ્નીફિસન્ટ-૭ (હિન્દી)
૪.૦૦, ૯.૪૫

**સ્ક્રીન-૪**
પિન્ક
૨.૪૫, ૧૦.૦૦
વાહ તાજ
૫.૩૦
પર્ઝ
૧૨.૩૦, ૭.૪૫

**સ્ક્રીન-૫**
ડેઝ ઑફ ટેફી
૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૩૦
બેન્જો
૩.૪૫, ૧૦.૦૦

# શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર ખાતે ૨૫ થી ૩૦ દરમ્યાન રજત મહોત્સવ


ગાંધીનગર, તા. ૨૩

શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર (વિશ્વ શાંતિ કેન્દ્ર), ઘોડાસર, અમદાવાદ દ્વારા આગામી તા. ૨૫ થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન રજત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

મહોત્સવ અંતર્ગત તા. ૨૬ના રોજ પદ્મવિભૂષણ પંડિત જસરાજજીને 'સૂર તપસ્વી'ની પદવીથી અલંકૃત કરવામાં આવશે. આ પ્રસંગે સંગીતની સીડી તથા ધાર્મિક પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવશે. તારીખ ૨૭ના રોજ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહેશે, જેમના હસ્તે પણ પંડિત જસરાજજીનું સન્માન કરવામાં આવશે.

# ગ્રામોફોન દ્વારા રેલાયા રફીના સૂર

## મહેફિલ
**સંજય થોરાત**



'ગ્રામોફોન' શબ્દ કાને પડે ને નજર સમક્ષ એક મધુરા સુરીલા સંગીતનો આંખો ફિલ્મી જમાનો તરવરે. કાળી રૅકર્ડમાં સમાયેલા એ અવાજ આજે ભલે ડિજીટલ થઈ ગયા હોય પરંતુ ગ્રામોફોન સાથેનું કેટલાંક લોકોનું વળગણ હજુ એવું ને એવું જ રહ્યું છે. ગ્રામોફોન નામથી અનેક ક્લબ ચાલે છે અને હવે તો ગ્રામોફોન ક્લબ ઑફ ગાંધીનગર પણ વિસરાતા સૂર અમર કરી રહી છે.

ગ્રામોફોન ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા તાજેતરમાં મહુડી રોડ પર આવેલા અલુવા ગામ પાસે આવેલા રમણીય સ્થાન બંસરી ગ્રીન્સ રિસૉર્ટ ખાતે 'રાધિકા તુને બંસરી ચુરાઈ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રિસૉર્ટના ડેવલપર સુનીલ જોષી ઉર્ફે રાજુભાઈએ કાર્યક્રમને આખરી ઓપ આપ્યો હતો.

શહેરથી દૂર આ મહેફિલ માણવાની મજા શબ્દોમાં વર્ણવી શકાય એમ તો નથી જ પરંતુ જે માણ્યું છે એ અદ્‌ભૂત હતું.

મુંબઈમાં વૉઈસ ઑફ રફીના નામે ખ્યાત ગાયક અનિલ બાજપાઈ અને ગાયિકા નિલિમા ગોખલે સાથે રવીન્દ્ર કામ્બલેનું ઑરકેસ્ટ્રા. આરતી ફિલ્મનું 'બાર બાર તોહે ક્યા સમજાયે પાયલ કી ઝનકાર...' ગીત સાંભળો તો ખબર પડે કે આ કલાકારો કેમ અહીંના કલાકારોથી દસ ડગલાં આગળ છે! રફીનાં સદાબહાર ગીતો છવાતાં રહ્યાં ને લોકો માણતા રહ્યાં. આ કાર્યક્રમ અગાઉ ગાંધીધામ થયો હતો ત્યાં શહેરના દિપક ભટ્ટ હાજર હતા ને એમણે ત્યારે જ નક્કી કર્યું કે આ કાર્યક્રમ ગાંધીનગરમાં કરવો. એમના આ સંકલ્પમાં રાજુભાઈ, જ્યોતિન્દ્ર વ્યાસ, શાંતિભાઈ ઘોઘારી અને હરિભાઈનો સાથ મળ્યો ને આ અફલાતૂન કાર્યક્રમ યોજાયો.



'સ્વર્ણ સુંદરી' ફિલ્મનું ગીત રજૂ કરતાં પહેલાં ગાયિકા નિલિમાએ કહ્યું કે 'આ ચાર રાગમાં ગવાયેલું એકમાત્ર ગીત છે, ગીત પૂર્ણ થયા બાદ રાગનાં નામ કહેજો. 'કૂહુ કૂહુ બોલે કોયલિયા...' રજૂ થયું, વન્સમોર થયું અને એમાં કયા રાગો છે એ જણાવીને પ્રેક્ષકોએ કલાકારોની દાદ મેળવી લીધી !

'મૈં કિસી કી આંખ કા નૂર હું...' ગીત પણ વન્સમોર થયું. એવું જ જોરદાર રહ્યું 'બેખુદી મેં સનમ, ઊઠ ગયે જો કદમ..'. આવા એક પછી એક નઝરાણાં રજૂ થતાં રહ્યાં ને પ્રેક્ષકો મન ભરીને માણતા રહ્યાં.

કાર્યક્રમનું સંચાલન રેણુ સક્સેનાએ શેરો-શાયરી અને ફિલ્મી માહિતી સાથે કર્યું. રેણુ મુંબઈમાં રેડિયો જૉકી અને સિંગર પણ છે. સંગીતમાં જે ધમાલ-કમાલ હતી એમાં તબલાં-ઢોલક પર અનિલ જાધવ, વિનોદ દેવરે-ઑક્ટોપેડ, લક્ષ્મણ માસ્ટર-સૅક્સોફોન, ગિટાર-ચંદ્રકાન્ત કેળકર અને કિ-બૉર્ડ પર રવીન્દ્ર કાંબલે... એટલું મધુર સંગીત હતું કે ક્યાંય કોઈ ત્રુટિ જણાય નહીં.

મુંબઈના કલાકારોનું સન્માન ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઍક્ટિવ સભ્યો હિરેન ભટ્ટ, જ્યોતિન્દ્ર વ્યાસ, દિપક ભટ્ટ, ભાવિન પટેલ, જયેશ પંચોલી દ્વારા કરાયું, જ્યારે મુખ્ય ગાયક અનિલ બાજપાઈનું સન્માન સંસ્થાના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા દ્વારા કરવામાં આવ્યું. એક પછી એક રજૂ થતાં સુરીલાં ગીતોની પેશકશ પછી આ મહેફિલને પૂર્ણ વિરામ આપવા કલાકાર અને શ્રોતા બેમાંથી કોઈ તૈયાર નહોતું એ જ આ કાર્યક્રમની સફળતાની સાબિતી હતી. ગ્રામોફોન હવે નવા નઝરાણા સાથે ફરી હાજર થાય એ જ અપેક્ષા ને શુભેચ્છાઓ!

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું વતન - વહાલું વતન'**